# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **બ્રિજના ફાઉન્ડેશન એરિયામાં ગેરકાયદે માઇનિંગ અટકાવવા કડક પગલાં લેવાશે.**
2. **શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરવા માટે નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય.**
3. **બાળકોના બૌદ્ધિક અને શારીરિક વિકાસ માટે અદ્યતન સુવિધાઓથી સજ્જ બનેલા પુનઃવિકસિત બાલવાટિકાનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ**
4. **દક્ષિણ ગુજરાતમાં ધોધમાર સહિત 59 તાલુકાઓમાં વરસાદ - આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી.**
5. **ગિરિમથક એવા સાપુતારામાં પ્રવાસીઓને આકર્ષતો મોનસૂન ફેસ્ટિવલ આજથી આરંભાશે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SAMIKSHA MEETING

બ્રિજના ફાઉન્ડેશન એરિયામાં ગેરકાયદે માઇનિંગ અટકાવવા કડકમાં કડક પગલાં લેવા લેવાશે તેવો સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો. મહેસૂલી કામગીરીની સમીક્ષા માટે ગાંધીનગર ખાતે રાજયના કલેકટરોની કલેકટર કોન્ફરન્સ યોજાઇ હતી.. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે યોજાયેલી આ બેઠકમાં કુદરતી આપદા સમયે પ્રજાકીય પ્રશ્નો અને સમસ્યાઓનો ઝડપથી જરુરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

મહેસૂલ વિભાગ અને ખાતાના વડાની કચેરીઓના હાઇકોર્ટમાં પડતર ઓગણત્રીસ હજારથી વધુ કેસો મળીને કુલ સાડત્રીસ હજાર જેટલા કેસોનો ઝડપી નિકાલ માટે એકશન પ્લાન બનાવવાનું પણ બેઠકમાં ઠરાવાયું હતું..

---

# RETIRED TEACHERS RECRITMENT

રાજ્યમાં ધોરણ એકથી ધોરણ 12માં શિક્ષકોની ઘટ નિવારવા માટે વચગાળાની વ્યવસ્થા રૂપે 62 વર્ષથી વધુ ઉંમરના હોય તેવા નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

ગુજરાતની સરકારી પ્રાથમિક તેમજ ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જરૂરી ભરતી થયા બાદ ખાલી રહેલી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવામાં આવશે. આ ભરતી પ્રક્રિયા કેટલીક શરતો અને પ્રક્રિયાને આધિન કરાશે.

નિવૃત્તી બાદ ભરતી કરાતા શિક્ષકોની મહત્તમ વય મર્યાદા 65 વર્ષથી વધુ ન હોવી જોઈએ. શૈક્ષણિક વર્ષના અંતે આવા નિવૃત્ત શિક્ષકોને છુટા કરવાના રહેશે. આ કામગીરી માટે નિવૃત્ત માધ્યમિક , ઉચ્ચતર માધ્યમિક શિક્ષકને જ્ઞાન સહાયકને ચૂકવાતુ માનદ વેતન જ ચૂકવાશે. તે સિવાય અન્ય કોઈ વધારાના નાણાકીય કે સેવાકીય લાભ મળવાપાત્ર થશે નહીં. તેમ શિક્ષણ વિભાગ દ્વારા જણાવાયું છે.

---

# CM - BALVATIKA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરમાં રિડેવલપ થયેલ બાલવાટિકાનું લોકાર્પણ કર્યું. બાળકોના બૌદ્ધિક અને શારીરિક વિકાસ માટે 22 કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ સાથે બાલવાટિકાનું રિ-ડેવલોપમેન્ટ કરવામાં આવ્યું છે.

આ બાલવાટિકામાં એન્ટ્રી ટીકીટ સાથે કેટલીક એક્ટિવિટી નિ:શુલ્ક પણ રાખવામાં આવી છે, જેમાં કોઇન હાઉસ, કાચઘર, શુ હાઉસ, લેન્ડ સ્કેપ ગાર્ડન, સેલ્ફી ઝોન તેમજ ગ્વોલ સ્ટેશનનો સમાવેશ થાય છે. બાલવાટિકામાં ફ્લાઈંગ થિયેટર , વેક્સ મ્યુઝિયમ અને VR રિયાલિટી ઝોન જેવા 20થી વધુ આકર્ષણો છે તેમ અમદાવાદના મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું.

## બાઇટ- પ્રતિભા જૈન, મેયર અમદાવાદ

---

# CM KHEDA LOKARPAN

ખેડા જિલ્લાનાં નડીઆદ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જુદાજુદા **10** વિભાગોના **79** જેટલા કુલ **243** કરોડ રૂપિયાના વિકાસના કામોનુ મુખ્યમંત્રી લોકાર્પણ કર્યું હતું.

ગઇકાલે મોડી સાંજે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. નડિયાદ યોગી ફાર્મ ખાતેથી મુખ્યમંત્રીએ જાહેર સભાને સંબોધન કર્યું હતું. તેમણે પ્રગ તિનગરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના **133** કરોડના ખર્ચે નવનિર્માણ પામનાર **900** જેટલા મકાનોના પ્રોજેક્ટનુ ખાતમુહૂર્ત પણ કર્યુ હતું..

આ ઉપરાંત નડિયાદ મહાનગરપાલિકાના **17,** માર્ગ અને મકાન સ્ટેટ વિભાગના **5,** માર્ગ અને મકાન વિભાગ પંચાયતના **30** કામોનું અને **1** કામ નું, સિંચાઈ વિભાગના **8** કામોના લોકાર્પણ કરવામાં આવ્યા છે.

---

# PORBANDAR JANMASTAMI

પોરબંદરમાં જન્માષ્ટમીના લોકમેળાને હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. મહાપાનગરપાલિકા દ્વારા પાંચ દિવસનો મેળો જાહેર કર્યો છે.

મેળામાં ખાણીપીણી, ચકડોળ, કટલેરી, રમકડાં સહિતના વિવિધ સ્ટોલ તેમજ રેકડી, કેબિન, પાથરણા માટેની જગ્યા માટેના ફોર્મનું વિતરણ તા.**18** થી શરૂ થયું હતું અને અત્યાર સુધીમાં **300**થી વધુ ફોર્મનું વિતરણ કરી દેવાયું છે. મેળાની તૈયારી પૂરજોશમાં શરૂ થઇ ગઇ હોવાનું પોરબંદર મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ કમિશનર મનન ચતુર્વેદીએ જણાવ્યું હતું.

## બાઇટ – મનન ચતુર્વેદી (આસી. કમિ. મનપા, પોરબંદર)

---

# STATE RAIN

રાજ્યમાં ગઇકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં 59 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.

વલસાડના કપરાડામાં છ ઇંચ જ્યારે વાપીમાં પાંચ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો..તેમ અમારા વલસાડના પ્રતિનિધિ નવિન પટેલે જણાવ્યું હતું. ભારે વરસાદના પગલે વાપીના માર્ગો પર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી.

બીજીતરફ હવામાન વિભાગે આગામી છ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે પૂર્વ મધ્ય અને દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે. દરમિયાન પાંચ દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે.

---

# DANG SAPUTARA MOONSOON FESTIVAL

ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે દર વર્ષની જેમા આ વર્ષે પણ સાપુતારા મોનસૂન ફેસ્ટિવલનો આજથી આરંભ થઇ રહ્યો છે. આ ઉજવણી દરમિયાન સાપુતારામાં પ્રવાસીઓનો ધસારો જોવા મળે છે જેને કારણે પ્રવાસનની સાથે-સાથે સ્થાનિક રોજગારીને પણ પ્રોત્સાહન મળે છે.

આ વર્ષે સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ આજથી 17 ઓગસ્ટ 2025 દરમિયાન યોજાશે અને તેના વિવિધ આકર્ષણોથી મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરશે. આ ઉત્સવની ઉજવણી દરમિયાન વિવિધ સાંસ્કૃતિક અને પ્રાદેશિક પ્રવૃત્તિઓ જીવંત બની જશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## વોઇસ કાસ્ટ – મુનિરા શેખ

---

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત ' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 12 4મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

## AANTAR JILLA FERBADLI

રાજ્ય સરકારના પંચાયત સેવા વર્ગ- 3ના સીધી ભરતીના કર્મયોગીઓની આંતર જિલ્લા ફેરબદલી માટે ઓનલાઇન , ફેશલેશ અને પેપરલેસ પ્રક્રિયાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

પંચાયત વિભાગે વહીવટમાં પારદર્શિતા અને કાર્યદક્ષતા વધુ વેગમાન બનાવવા કર્મચારીઓની બદલીઓ ઓનલાઈન પદ્ધતિથી કરવા માટેના વિઝનને સાકાર કરવા વર્ગ- 3ના સીધી ભરતીના કર્મયોગીઓની સમગ્ર બદલી પ્રક્રિયા ઓનલાઈન અને વેબ પોર્ટલના માધ્યમથી સંપૂર્ણ પારદર્શિતા સાથે હાથ ધરી છે.

જેમાં પંચાયત સેવામાં 22 સંવર્ગના વર્ગ- 3ના સીધી ભરતીના 1433 કર્મયોગીઓની પારદર્શી પદ્ધતિથી ઓનલાઈન બદલીઓનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યો છે.

---

## CONGRESS SAMELAN

લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી આજે એક દિવસની ગુજરાતની મુલાકાત આવશે. આણંદ ખાતે યોજાનારા ત્રણ દિવસના

**સંગઠન સૃજન અભિયાન અંતર્ગત રાહુલ ગાંધી અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે પણ કોંગ્રેસના નવ નિયુક્ત જીલ્લા પ્રમુખોને સંબોધન કરશે. રાહુલ ગાંધી બપોર બાદ એક વિશેષ સંવાદ પણ કરશે.**

---

# SHRADDHANJLI

**26મી જુલાઇ 2008ના રોજ અમદાવાદમાં શ્રેણી બદ્ધ બોંબ વિસ્ફોટ થયા હતા . અમદાવાદના અલગ અલગ વિસ્તાર માં થયેલા બોંબ વિસ્ફોટમાં 57 લોકોએ જીવ ગુમાવ્યાં હતાં. બોંબ વિસ્ફોટના મૃતકોને આજે અમદાવાદના વાડજ સહિતના વિસ્તારોમાં શ્રધ્ધાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. વિવિધ સામાજિક સંગઠનો અને મૃતકોના પરિજનો દ્વારા શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાઇ રહ્યો છે.**

---